# શાહપુરથી લવારપુર માર્ગની દયનીય સ્થિતિ

**માર્ગ પર નાખેલ કપચી, ગ્રીટ, ડસ્ટની નબળી ગુણવત્તાના કારણે હવામાં પ્રદૂષણ : વાહનચાલકોમાં અકસ્માતની ભીતિ : જવાબદાર કોન્ટ્રાક્ટર સામે જરૂરી પગલા ભરવા માંગ ઉઠી**





ગાંધીનગર, તા. ૨૨

ચોમાસાની મોસમનું આગામી દિવસોમાં આગમન થવા જઈ રહ્યું છે ત્યારે શહેરમાં ઠેક ઠેકાણે માર્ગોની હાલત દયનીય અને બિસ્માર બની ગયેલ છે. જેનું તંત્ર દ્વારા ચોમાસા પહેલા સમારકામ કરાવાશે કે કેમ તે સવાલ પેદા થયો છે.

તાજેતરમાં શાહપુર ગીફ્ટસીટી ચોકડીથી લવારપુર રોડ, નેશનલ હાઈવે નં. ૪૮ની નબળી ગુણવત્તાનું સચોટ ઉદાહરણ ઉપરોક્ત ફોટામાં દશ્યમાન થયેલ છે. જ્યાં માર્ગના લેવલથી અડધા ફૂટના ખાડા પડી ગયેલા છે. આ ખાડાઓ ગંભીર અકસ્માતો સર્જી શકે છે.

આખા માર્ગ પર કોક્રીંટ, રેતી, ખાડા થઈ જતા વાહનચાલકોમાં ભારે હાલાકી થવા પામી છે. રોડમાં નાખેલી કપચી, ગ્રીટ, ડસ્ટની નબળી ગુણવત્તાના કારણે હવામાં પ્રદૂષણથી આસપાસના રહેવાસી નાગરિકોના આરોગ્યને નુકશાન પહોંચી રહ્યું છે. ધૂળની ડમરી ઉડતા ટુ વ્હીલર ચાલકોને આંખમાં ડસ્ટ અને કોક્રીંટ જવાના ઉદાહરણો સામે આવી રહ્યા છે. ચોમાસા અગાઉ આ માર્ગોની મરામત યોગ્ય રીતે નહી થાય તો વાહનચાલકો માટે ખૂબ મુશ્કેલીઓ પેદા થઈ શકે તેમ છે. દર વર્ષે માર્ગો બન્યા બાદ તેની નબળી કામગીરીના કારણે આવી સ્થિતિ સર્જાય છે. જેમાં જવાબદાર કોન્ટ્રાક્ટર જ દોષિત ગણાય છે. અવારનવાર માર્ગોની મરામત કરવામાં જ કરોડો રૂપિયાનો વેડફાટ થાય છે. નબળી કામગીરી અને પોતાની લાલચ માટે જે તે કોન્ટ્રાક્ટરો માર્ગોની ગુણવત્તામાં બેદરકારી દાખવી રહ્યા છે. તેવા જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.

શહેરમાં એક તરફ મેટ્રોનો પ્રોજેક્ટ શરૂ થયેલ છે જેમાં ઠેક-ઠેકાણે ખોદકામ કરાઈ રહ્યા છે. તો બીજી તરફ વર્ષોથી ચાલી આવતી આ માર્ગોની સમસ્યાઓ જેમાં માત્ર નિર્દોષ વાહનચાલકોનો ભોગ લેવાય છે. આ માર્ગની બિસ્માર હાલત જોતા વાહનચાલકોમાં રોષ ભભુક્યો છે અને અવારનવાર માર્ગની મરામત કરવા બાબતે ફરિયાદ કરવામાં આવેલ છે.

તેમ છતાં કોઈ જવાબદાર તંત્ર દ્વારા જનતાનો અવાજ સાંભળવામાં આવી રહેલ નથી. શાહપુરથી લવારપુર જતો આ માર્ગ જ્યાં દૈનિક અઢળક વાહનો પસાર થઈ રહ્યા છે.

જેમાં ટુ વ્હીલર ઉપરાંત મોટા ડમ્પર, ટ્રક જેવા ભારે વાહનોની પણ અવરજવર વધારે રહે છે. તેથી ટુ વ્હીલર ચાલકોને અકસ્માત થવાની ભીતિ છે. આ માર્ગની તાત્કાલિક રીતે મરામત કરવામાં આવે તેવી યોગ્ય કાર્યવાહી કરવા માટે તથા કોન્ટ્રાક્ટરો સામે જરૂરી પગલા ભરવા માટે નાગરિકોની માંગ ઉઠી છે.

## પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોગ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૨૨

લક્ષ્ય આરોગ્યમ અભિયાન અંતર્ગત યોજાયેલ આ ત્રિદિવસીય યોગ શિબિરના પ્રથમ દિવસે ભવનાથ મહાદેવ પેથાપુરના પૂજનીય મહંત સ્વામી, દ્વિતીય દિવસે સ્વામિનારાયણ ગુરુકુળ ગૌશાળાના આદરણીય સ્વામીજી અને તૃતીય દિવસે જય ગિરનારી આશ્રમના પરમ પૂજ્ય કથાકાર ગીતા દીદી ઉપસ્થિત રહ્યા હતા.

શિબિર દરમિયાન પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ આદરણીય યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરીએ ડાયાબિટીસ, બી.પી. થાઈરોડ, કોલેસ્ટ્રોલ જેવા વિવિધ રોગો દૂર કરવા સંબંધિત યોગ અભ્યાસ અને આયુર્વેદિક ઉપચાર જણાવી સૂર્યનમસ્કાર, યૌગીક જોગીંગ ,પાવર યોગ વિવિધ આસનો અભ્યાસ કરાવ્યો હતો. યોગ અભ્યાસની સાથે નેચરોપેથી અને એક્યુપ્રેશર થેરાપીની ઉપચાર પદ્ધતિ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. કાર્યક્રમના ત્રણે દિવસ સેક્ટર ૨૨ શ્રેયસ સોસાયટીની ટીમ દ્વારા વૈદિક હવન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના સફળતાપૂર્વક આયોજન માટે રાજશ્રી પાર્ટી પ્લોટના ઓનર અસરસિંહ વાઘેલા, એલ. કે. વાઘેલા, પેથાપુર વાઘેલા સમાજના પ્રમુખ કાળુસિંહ વાઘેલા દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતિમ દિવસે લગભગ ૫૦૦ થી પણ વધુ યોગીજનોએ ઉત્સાહપૂર્વક યોગ અભ્યાસ કર્યો હતો અને સાંજે સંગીત ખુરશી અને યોગ ગરબા બાદ પ્રીતિ ભોજન નો લાભ લીધો હતો.ત્રિ દિવસીય શિબિર બાદ પેથાપુરમાં નિયમિત યોગ ક્લાસનું આયોજન કરવા તેમજ ત્યાં અન્ય યોગ શિક્ષકો તૈયાર કરવા માટે પણ પતંજલિ યોગ પરિવાર ગાંધીનગરના અગ્રણીઓ દ્વારા હવન કરવામાં આવ્યું હતું.પેથાપુરમાં યોગની અલખ જગાવવા માટે અથાક પ્રયત્ન કરી સફળતાપૂર્વક શિબિર ની પૂર્ણાહુતિ કરવા બદલ સમગ્ર પતંજલિ અને માનસ પરિવારના કર્મઠ કાર્યકર્તાઓનો મહિલા પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ ડોક્ટર નેહલ દેસાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન દ્વારા બાળકોને જુના રમકડાં આપવા બાબતે વિરોધ

**બાળકોને જુના નહિ પણ નવા રમકડા આપવાની માંગ કરવામાં આવી**

ગાંધીનગર.તા.૨૨

બીજેપી ના કાર્યકરો દ્વારા ગાંધીનગર તથા અન્ય સ્થળો એ ગરીબ બાળકો માટે રમકડા બેંક ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા વિરોધ ફરમાવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુના રમકડા ભેગા કરી બેંક મારફતે આંગણવાડીમાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને રમવા માટે આપશે. પ્રથમ દ્રષ્ટિએ આ યોજના ઉમદા લાગે છે પરંતુ ગરીબ બાળકોને જુના રમકડા આપવાનો કન્સેપ્ટ મૂળભૂત રીતે અસમાન છે જુના રમકડાથી ગરીબ બાળકના માનસમાં ગરીબાઈનો ખ્યાલ થશે કે અમે ગરીબ છીએ એટલે જુના તૂટેલા રમકડા આપવામાં આવે છે આપણે ગરીબાઈ મુક્ત ભારત કરવાનું છે તે ઉદ્દેશ સાથે બંધબેસતું નથી એટલું જ નહીં પણ આવી બાળકને માનસિકતા લોકશાહીના સમાનતાના સિદ્ધાંતની વિરુદ્ધ છે જે સ્વતંત્રતાના ૭૫ વર્ષ ઉપરાંતનો સમય પછી પણ ટાળી શક્યા નથી અને હજી પણ ગરીબોને દયાદ્રષ્ટિથી આપવાનું વિચારીએ છીએ જો ખરેખર ગરીબ બાળકોને રમકડા આપવાના હોય તો નવા રમકડા જેમ પોતાના બાળકને રમવા આપીએ છીએ તેવી ઉમદા માનસિકતા અને ભાવના સાથે આપવા જોઈએ. આંગણવાડી ની યોજનામાં બાળકોને નવા રમકડા રમવા આપવાની જોગવાઈ કરી શકાય તે માટે ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગાંધીનગર દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ આ દ્રષ્ટિએ અમારા સૂચન અંગે પુનઃ વિચારણા કરવા અખબારી યાદી માં જણાવ્યું હતું.

## મેટલર્જી વિભાગ સરકારી ઈજનેરી કોલેજ સે- ૨૮ દ્વારા સાપ્તાહિક ઓનલાઈન વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ (NBA Accredited), સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે સંસ્થા ના આચાર્યા ડૉ. એસ. પી. દવે ના માર્ગદર્શન હેઠળ સાપ્તાહિક ઓનલાઈન વેબીનાર ''મેટલર્જી એન્ડ મટિરિયલ સાયન્સ ૨૦૨૩'' નું મેટલર્જી વિભાગ ના ભૂતપૂર્વ વિધ્યાર્થીઓ ના સંયોજન (સ્ટુડન્ટ સોસાયટી ઓફ મેટલર્જી એન્જીનિયરીંગ ગાંધીનગર) દ્વારા તારીખ ૨૨ થી ૨૬ મે, ૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું છે. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો પ્રા. એચ. એચ. ઠાકર તથા પ્રા. આર. સી. ઘંઘાસ હતા. ઉપરોક્ત સાપ્તાહિક ઓનલાઈન વેબીનારનું ઉદ્ઘાટન મેટલર્જી વિભાગના વડા ડૉ. આઈ. બી. દવે તથા MGITER, નવસારી ના આચાર્ય ડૉ. જી. એચ. ઉપાધ્યાય ની ઉપસ્થિતિ માં થયું હતું. આ વેબીનાર નો મુખ્ય હેતુ વર્તમાન પરિસ્થિતીમાં વિધ્યાર્થીઓ ને મેટલર્જી વિષય માં ઔધ્યોગિક તથા રીસર્ચ ક્ષેત્રે થયેલ એડવાન્સમેંટથી માહિતગાર કરવાનો હતો. આ વેબીનાર ની ખાસિયત એ હતી કે તજજ્ઞો મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર ના જ ભુતપૂર્વ વિધ્યાર્થીઓ હતાં કે જેઓ હાલમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ ઔધ્યોગિક એકમો/ વિધ્યાશાખા માં સારા હોદ્દા પર કાર્યરત છે.

## RRR - Reduce, Reuse, Recycle સેન્ટરનું ઉદ્ઘાટન

**શહેરનાં કચરાનું ભારણ ઘટાડવાનો અનોખો પ્રયાસ : મેરી લાઈફ, મેરા સ્વચ્છ શહેર રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત**




ગાંધીનગર, તા.૨૨

સ્વચ્છ ભારત મિશન-અર્બન ૨.૦ તથા ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ૨૦ મે થી ૦૫ જૂન સુધી 'મેરી લાઈફ, મેરા સ્વચ્છ શહેર' રાષ્ટ્રીય અભિયાન ઉજવવાનું જાહેર કરેલ છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકામાં સેક્ટર ૨૧, સરકારી નર્સરી ખાતે મેયર હિતેશભાઈ મકવાણાનાં હસ્તે કે RRR - Reduce, Reuse, Recycle સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.જેમાં, મહાનગરપાલિકાનાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર જે. એન. વાઘેલા તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ RRR - Reduce, Reuse, Recycle સેન્ટર ખાતે નાગરિકો પોતાની જૂની બિનઉપયોગી વસ્તુઓ જેવી કે, રમકડા, પુસ્તકો, બિન ઉપયોગી કપડા અને પગરખાં વગેરે સેન્ટર પર આપી શકે છે. જે જરૂરિયાતવાળા વ્યકિતને આપી શકાય તેમજ આપવામાં આવેલ પ્લાસ્ટિક વેસ્ટને રિસાયકલ કરી શકાય. અને આ રીતે શહેરનાં કચરાનું ભારણ ઘટાડી શકાય.

આ ઈઈઈ સેન્ટર ખાતે ૫૦૦ ગ્રામ પ્લાસ્ટિક વેસ્ટનાં બદલામાં રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનેલ એક કુંડું, ૮૦૦ ગ્રામ પ્લાસ્ટિક વેસ્ટનાં બદલામાં રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનેલ એક હેન્ગિંગ પોટ, ૨૫ કિગ્રા. પ્લાસ્ટિક વેસ્ટનાં બદલામાં રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનેલ એક બેસવા માટેની બેન્ચ આપવામાં આવશે. વધુમાં, શહેરમાં પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન માટે એક મોબાઈલ વાન ઈકો વિઝન સંસ્થાનાં સહયોગથી શરૂ કરવામાં આવી છે. જે, ૫મી જૂન સુધી શહેરનાં વિવિધ વિસ્તારોમાં ફરશે. આ વાન ખાતે પ્લાસ્ટિક વેસ્ટ જમા કરાવનાર નાગરિકોને ઈકો વિઝન સંસ્થા દ્વારા રોકમાં વળતર આપવામાં આવશે. જથ્થાબંધ પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન માટે ૯૦૨૩૩ ૩૩૧૬૪ નંબર પર સંસ્થાનો સંપર્ક કરી શકાશે. મેયર દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ આપનાર નાગરિકોને પ્લાસ્ટિક વેસ્ટનાં બદલામાં રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનેલ કુંડા આપવામાં આવ્યા હતાં. આ સેન્ટર ૫મી જૂન, ૨૦૨૩ સુધી સવારનાં ૧૧થી સાંજનાં ૭ કલાક સુધી કાર્યરત રહેનાર છે. મેયર દ્વારા નાગરિકોને બહોળા પ્રમાણમાં આ RRR - Reduce, Reuse, Recycle સેન્ટર ખાતે પોતાની બિનઉપયોગી વસ્તુઓ જમા કરાવી, 3R સિદ્ધાંતોને અપનાવી સાચા અર્થમાં 'મેરી લાઈફ, મેરા સ્વચ્છ શહેર'નાં સુત્રને ચરિતાર્થ કરવા આહવાન કરવામાં આવ્યું હતું.

## "અભી ના જાઓ છોડકર... ૨૦૧૬ મેં તો આયે હો...!!!"

**બે હજારની નોટ ચલણમાંથી પરત ખેંચવાની જાહેરાત મુદ્દે સોશિયલ મિડીયા પર અવનવા "ચબરાકિયાં" વાઇરલ થયાં**

ગાંધીનગર, તા.૨૧

સોશિયલ મીડિયામાં આજકાલ કોઈ પણ પ્રવર્તમાન મુદ્દો પછી તે ગંભીર હોય કે હળવો હોય, સુખદ હોય કે દુઃખદ હોય દરેક સ્થિતિમાં અવનવા તુક્કા અને ચબરાકિયા ફરતા થઈ જાય છે. જ્યારથી આરબીઆઈ દ્વારા રૂ.૨ હજારની નોટ ચલણ માંથી પાછી ખેંચવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારથી સોશિયલ મીડિયા પર વિવિધ પ્રકારના ચબરાકિયાં ખૂબ વાઈરલ થઈ ગયાં છે જે પૈકી કેટલાંક અત્રે પ્રસ્તુત છે.

ભાઈ અવાજ ના કરશો...
થોડીક વાર ડિસ્ટર્બ ના કરતા...
બે હજારની નોટો ગણું છું....

બહુ મોટી નોટ થઈ ને ના ફરવું કયારે બજારમાંથી ફેંકાય જાય ખબર ના પડે....
લિ.
૨૦૦૦ હજારની ગુલાબી નોટ ...

કાલે ધનકા મસીહા આ ગયા હે, જી હાં.. આપ કે દો હજાર કે નોટ મૈં એક્સચેન્જ કરકે દુંગા... રૂ.૧૨.૫ પ્રતિ કિલો કે ભાવ સે...!!
ફિક્સ રેટ

મૈંને અપની જીંદગીમેં ૨ હજાર કા નોટ સિર્ફ ઉતની હી બાર દેખા હે...
જીતની બાર અર્જુન તેંદુલકરકો આઈપીએલ ખેલતે દેખા હે....!!

પરણેલા પુરુષોમાં ખુશીનો માહોલ,
૨૦૦૦ની નોટો ઘરના ખૂણે ખચકે
દબાયેલી દટાયેલી બહાર નીકળશે.

ઈભૂરો
બાપુઃ"રઘલા, તું ? ૨૦૦૦ની નોટ બદલવાની લાઈનમાં શું કામ ઊભો છે? ફદિયુંય છે તારા ખિસ્સામાં??
ભૂરોઃ"પ્રતિષ્ઠિત નાગરિકની છાપ ઊભી કરવા ઊભો છું. છાપાવાળા ફોટા પાડીલે એટલે નીકળી જઈશ!!

ઈડી અને સીબીઆઈ રેડ કરી કરીને થાકી ગયાં હતા....
ત્યારે આરબીઆઈએ કહ્યું...
"થોભો, હું એક જ વારમાં બધું બહાર કઢાવી નાંખીશ."

સરકારે મોટી નોટું પાછી લેવાની જાહેરાત કરી છે,
એની જાણ કરવા સસરાને ફોન કર્યો...
"સરકાર ભલે લ્યે, અમે પાછી નહિ લઈએ.." કહીને સસરાએ ફોન કાપી નાંખ્યો ..

અંતઃ કરણ થી ભાવભીની શ્રદ્ધાંજલિ
જન્મઃ ૦૮-૦૧૧-૨૦૧૬.
અવસાનઃ ૩૦-૦૯-૨૦૨૩.
આટલી નાની ઉંમરમાં (ફક્ત ૭ વર્ષ)
દરેકને ઘેલું લગાડી ને
આમ જતી રહે તે કેટલું વસમું લાગે...
રૂપે રંગે તું કેટલી સુંદર...
તને કેમે કરીને વિસરીએ...
અને
તારું નામ પણ કેટલું સુંદર....
... બે હજારની નોટ

રૂ.૨ હજારની નોટ
અભી ના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં...
૨૦૧૬મેં તો આયે હો, દિલો પે છાયે હો..
અભી તો કુછ કહા નહીં, અભી તો કુછ સુના નહીં..
અભી ના જાઓ છોડકર.. નહીં નહીં કભી નહીં...

## ગોઝારીયા કેળવણી મંડળ સંકુલમાં ત્રણ દિવસની આત્મન અભિવ્યક્તિ બાળશિબિર શરૂ થઈ





ગાંધીનગર, તા.૨૨

શ્રી ગોઝારિયા કેળવણી મંડળ અને આત્મન ફાઉન્ડેશનના ઉપક્રમે બાળકોની ત્રિદિવસીય બાળશિબિર આજથી શરૂ કરવામાં આવી. આત્મન અભિવ્યક્તિ બાળ શિબિર એટલે જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓની શિબિર તારીખ ૨૨ ,૨૩, અને ૨૪મી મે ૨૦૨૩ ના રોજ ગોઝારીયાની નીમા ગર્લ્સ આર્ટસ કોલેજના પ્રાર્થના ખંડમાં ઉજવવામાં આવી રહેલ છે. આજરોજ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના બુંદ બુંદ મિલકે બને સાગર (કે કે ગર્લ્સ હાઈ સ્કૂલની બહેનો દ્વારા) રજૂ કરવામાં આવી. ભાગ લઈ રહેલ બાળકો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી સમિતિના કન્વીનર શ્રી જે .એન. પટેલ, ટ્રસ્ટી શૈલેષભાઈ સોમાભાઈ પટેલ, વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ તથા નિયામક નીરુભાઈ પટેલ, અન્ય સંસ્થાઓના શિક્ષક ભાઈ- બહેનો, આત્મન ફાઉન્ડેશન ગાંધીનગરના પ્રજ્ઞાબેન પટેલ , વિજ્ઞાન વિષયના તજજ્ઞ ભરતકુમાર પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ શિબિરના હેતુ વિશે પ્રસંગોચિત વક્તવ્ય આપ્યા હતા.

## ઈંસ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ ખાતે ક્રિકેટ ટુર્નામેંટ ૨.૦નો આરંભ

**રાજ્યકક્ષાની અંડર- ૧૯ તથા મેન્સ ઓપન ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતભરમાંથી ૩૬થી વધુ ટીમો રમશે**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સ્થિત ઈંસ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન ખાતે રાજ્યકક્ષાની અંડર- ૧૯ તથા મેન્સ ઓપન ક્રિકેટ ટુર્નામે?ટનું ઉદ્?ઘાટન યુનિવર્સિટીના રજિસ્ટાર શ્રી ડૉ મનીષ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજ્યકક્ષાની અંડર- ૧૯ તથા મેન?સ ઓપન ક્રિકેટ ટુર્નામેન?ટમાં ગુજરાતભર માંથી કુલ ૩૬ થી વધું ટીમો ભાગ લઈ રહી છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના પ્રેસિડેંટ પ્રોફેસર રાવ ભામિદિમારીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. મનિષ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સુધિર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન સંસ્થાના સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર શ્રી અવિનાશ પટેલ દ્વારા ફેકલ્ટી કોર્ડિનેટર અને વિદ્યાર્થી વોલેંટીયર સાથે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના એચ આર ડીપાર્ટમેન્ટના હેડ તેજલબેન શુક્લા, ફાઈનાન્સ વિભાગના હેડ શ્રી મનોજ પટેલ, ઈવેન્ટ કોર્ડીનેટર શ્રી આલોક પંડ્યા સહિત મોટી સંખ્યામાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને વિવિધ ટીમના ખેલાડીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા